## ભજન:૧૨

રાગઃ દિલ કે અરમા આંસુ...

જીંદગી નો શું ભરોસો વહી જશે
આજ અગર કાલે જરુર કરમાય જશે

જોત જોતામાં સમય તો એ પૂરો થશે...૨
આજ અગર કાલે જરુર કરમાય જશે...૨
જીંદગીનો.....

કાયા કાચી કુંભતા જો માનજો...૨
કાલે કંકર લાગતા એ ફૂટી જશે...આજ અગર...
જીંદગીનો.....

જીંદગી એક કથા મળી છે તરી જજો...૨
યોગ્ય અવસર યોગમાંથી વહી જશે...આજ અગર...
જીંદગીનો......

પાણી પહેલાં પાડ જીવનની બાંધજો...૨
અણધાર્યું અચાનક એ તેડું આવશે...આજ અગર...
જીંદગીનો.....